# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-04-2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **દેશ-વિદેશના પ્રવાસીઓને ઐતિહાસિક માધવપુરમાં આકર્ષવા માટે મુખ્યમંત્રીના હસ્તે 30 કરોડના ખર્ચે યાત્રી સુવિધાનું લોકાર્પણ કરાયું.**
2. **રાજ્યભરની શાળાઓમાં ધોરણ 3થી 5 અને 9 અને 11ની શાળાકીય પરિક્ષાઓનો આજથી પ્રારંભ.**
3. **કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી. આર. પાટીલે દાંડીથી ભીમરાડ સુધીની પદયાત્રાને પ્રસ્થાન કરાવ્યું.**
4. **નાગરિકોના ઉત્તમ આરોગ્ય સુવિધાઓ આપવાની નેમ સાથે રાજ્યભરમાં આજે વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી.**
5. **આગામી દસમી એપ્રિલ સુધી રાજ્યભરમાં કાળઝાળ ગરમી પડવાની હવામાન વિભાગની આગાહી.. કચ્છ અને સૌરાષ્ટ્રના કેટલાંક જીલ્લાઓમાં ગરમીનું રેડ એલર્ટ જાહેર.**
6. **આઇપીએલ ટી-20 ક્રિકેટમાં, ગુજરાત ટાઇટન્સને ગઈકાલે રાત્રે હૈદરાબાદમાં સનરાઇઝર્સ હૈદરાબાદને સાત વિકેટે હરાવ્યું.**

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MADHAVPUR GHED MELO

પોરબંદરના માધવપુરમાં ભગવાન શ્રીકૃષ્ણના લગ્નોત્સવનો આરંભ થઇ ચૂક્યો છે. ગઇકાલે સાંજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઐતિહાસિક મેળાનો આરંભ કરાવ્યા બાદ આજે પણ શોભાયાત્રા સહિતના વિવિધ કાર્યક્રમો યોજાશે . ત્યારે દેશ-વિદેશના પ્રવાસીઓને માધવપુરમાં આકર્ષવા તેમણે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા રુકમણી મંદિર પરિસરમાં 30 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલા યાત્રી સુવિધાના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ પણ કર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું કે, પોરબંદર એરપોર્ટનું વિસ્તરણ તથા રન-વે વિસ્તૃતિકરણ તેમજ સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ-વે માટે આ વર્ષના બજેટમાં નાણાંકીય જોગવાઈ કરાઇ છે. શ્રી પટેલે માધવપુરને સદીઓથી ધાર્મિક-આધ્યાત્મિક સાંસ્કૃતિક ચેતનાનું કેન્દ્ર ગણાવ્યું હતું.

## બાઈટ – ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી

આ પ્રસંગે ઉપસ્થિત રહેલા કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના “વેડ ઇન ઇન્ડીયા ” ના વિઝન માટે માધવપુર દેશનું ઉત્તમ સ્થળ બની શકે છે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## બાઈટ – ડૉ.મનસુખ માંડવિયા

અમારાં જિલ્લા પ્રતિનીધી જણાવે છે કે આવતીકાલે નિજ મંદિરેથી ભગવાનની વરણાગી રાત્રે 9 કલાકે નીકળશે અને બ્રહ્મકુંડ સુધી જશે. 9 એપ્રિલે કડછ ગામના ગામજનો ધ્વજાજી સહિત મામેરું પુરશે. બપોરે 2 વાગ્યે રુકમણી માતાજીના મંદિરેથી માધવરાયજી મંદિરે સામૈયા, બાદ 4 વાગ્યે નિજ મંદિરેથી મધુવનમાં જાન પ્રસ્થાન કરશે.

---

# PATIL ON WQUF BILL

સંસદમાં વકફ સુધારા બિલ પાસ થયું હતું. ત્યારે ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી આર પાટીલે બીલ પસાર થતાં આનંદ વ્યક્ત કર્યો હતો.. તેમણે કહ્યું હતું કે આ બીલ સંસદમાં પાસ થવુ જરૂરી હતું.

બાઇટ- સી.આર. પાટીલ, કેન્દ્રીય જળશક્તિમંત્રી

---

# SCHOOL EXAM

આજથી ગુજરાત શિક્ષણ બોર્ડ હેઠળની રાજ્યની સરકારી , ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓમાં ધોરણ 3થી 5 અને ધોરણ 9 અને 11ની શાળાકીય પરીક્ષાઓનો પ્રારંભ થઈ રહ્યો છે.

પ્રાથમિક શાળાઓની પરીક્ષા 25 એપ્રિલે અને માધ્યમિક પરીક્ષા 21 એપ્રિલે પૂર્ણ થશે. ધોરણ છથી આઠની પરીક્ષા 16 એપ્રિલથી શરૂ થશે.

---

# DANDI YATRA-CR PATIL

કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી. આર. પાટીલે ગઇકાલે દાંડીથી ભીમરાડ સુધીની પદયાત્રાને લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. 6 એપ્રિલ 1930ના રોજ મહાત્મા ગાંધીજીએ દાંડી ખાતે ચપટી મીઠું ઉપાડી મીઠાના કાયદાનો ભંગ કર્યો હતો. જેના માનમાં આ પદયાત્રાનું આયોજન કરાયું છે. યાત્રામાં મહાત્મા

ગાંધીજીના વેશમાં ગાંધીપ્રેમીએ પદયાત્રાને જીવંત બનાવવાનો પ્રયાસ કર્યો હતો. આ પદયાત્રા 9 એપ્રિલે સાંજે ભીમરાડ પહોંચશે.

---

# DANG ROAD R&B DEPARTMENT

ડાંગ જિલ્લાના બે સરહદી માર્ગોનો સમાવેશ રાજ્ય સરકાર હસ્તકના માર્ગ અને મકાન વિભાગમાં કરાયો છે. ડાંગ જિલ્લાના 37 કિલોમીટરના મહાલ-સુબિર-વારસા આંતરરાજ્ય માર્ગ અને અંદાજે 21 કિલોમીટરના વઘઈ-ડુંગરડા-ભેંસકાતરી સરહદી માર્ગનો સમાવેશ કરાયો છે. જિલ્લાના આ માર્ગ અને મકાન વિભાગમાં આવવાથી આંતર જિલ્લા મુસાફરી વધુ સરળ થશે.

**બાઈટ : વિજય પટેલ, વિધાનસભાના નાયબ મુખ્ય દંડક**

---

# AHMEDABAD FIRE

અમદાવાદના જીવરાજ પાર્ક ચાર રસ્તા પાસે આવેલી જ્ઞાનદા સોસાયટીમાં 24 નંબરના વનસ્થલી નામના બંગલામાં ગઈકાલે સાંજે આગ લાગવાની ઘટના બની હતી. AC રિપેરિંગમાં વપરાતા ગેસના બાટલાને લઈને આગ વિકરાળ બની હતી. ઘટનાની જાણ થતા ફાયરની ગાડીઓ અને પોલીસ ઘટનાસ્થળે દોડી ગઇ હતી. આગ એટલી ભયંકર અને વિશાળ હતી કે એસીના નાના બાટલા ફૂટી અને દૂર દૂર સુધી ફેલાઈ ગયા હતા. આગની આ ઘટનામાં નાની બાળકી અને માતાનું મોત થયું હતું.

---

# CONGRESS ADHIVESAN

આવતીકાલે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું બે દિવસિય રાષ્ટ્રીય અધિવેશન યોજાઇ રહ્યું છે. ત્યારે કોંગ્રેસ પક્ષ દ્વારા તડામાર તૈયારીઓ થઇ રહી છે. આજે આ અધિવેશન અગાઉ કોંગ્રેસના રાહુલ ગાંધી , સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી સહિતના ટોચના નેતાઓ ગુજરાત આવી રહ્યાં છે. 64 વર્ષ બાદ યોજાઇ રહેલા આ સંમેલનમાં ભાગ લેવા કોંગ્રેસના નેતાઓ આજથી અમદાવાદ પહોંચશે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે સહિતના નેતાઓનું આજે આગમન થશે..

---

# WORLD HEALTH DAY

આજે 7 એપ્રિલ એટલે કે 'વિશ્વ આરોગ્ય દિવસ'. આ વર્ષની થીમ "HEALTHY BEGINNINGS, HOPEFUL FUTURES" છે. રાજ્યના સામાન્ય નાગરિકો અને છેવાડાના લોકોને વિવિધ આરોગ્ય સેવાઓ મેળવવામાં કોઈપણ મુશ્કેલી ન પડે તે માટે રાજ્ય સરકાર અનેક આયોજનબદ્ધ પગલાં લઈ રહી છે. સાંભળીએ એક અહેવાલ..

## (વોઇસ કાસ્ટ: સંસ્કૃતિ ભૂંડિયા)

*રાજ્યમાં હાલમાં ઉપલબ્ધ વિશ્વસ્તરીય આરોગ્ય સુવિધાઓમાં 23 હજાર કરોડ રૂપિયા કરતાં વધુના ખર્ચે વધારો કરાશે. રાજ્યના વિવિધ સ્થળોએ નવી ન્યુરોલોજીકલ સાયન્સ સંસ્થા, રેડિયોથેરાપી સેન્ટર્સ તેમજ કાર્ડિયોલોજી સેટેલાઈટ સેન્ટર કાર્યરત થશે. જાન્યુઆરી-2025 સુધીમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર- PHC ખાતે એક કરોડ 44 લાખ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર દ્વારા એક કરોડ 31 લાખ કરતા વધુ દર્દીઓને આરોગ્ય સેવાઓ અપાઈ છે. ટીબી નિર્મુલન*

*કામગીરીમાં પણ રાજ્ય અગ્રેસર રહ્યું છે. વર્ષ 2024માં એક લાખ 37 હજાર કરતા વધુ ટીબીના દર્દીઓની સારવાર થકી સફળતાનો દર 90 ટકા રહ્યો છે.*

**સંસ્કૃતિ ભૂંડિયા આકાશવાણી સમાચાર અમદાવાદ**

---

## WEATHER

રાજ્યમાં તાપમાનમાં બે ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 10 એપ્રિલ સુધી કચ્છ અને સૌરાષ્ટ્રમાં હીટવેવ યથાવત રહેશે. આજે કચ્છમાં હીટવેવને લઈને રેડ એલર્ટ તેમજ પોરબંદર, રાજકોટમાં અને મોરબીમાં ઓરેન્જ એલર્ટ જ્યારે સુરેન્દ્રનગર , દીવ, જૂનાગઢ, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ અને મહેસાણામાં યલો એલર્ટ અપાયું છે.

---

## IPL CRICKET

આઇપીએલ ટી-20 ક્રિકેટમાં, ગુજરાત ટાઇટન્સને ગઈકાલે રાત્રે હૈદરાબાદમાં સનરાઇઝર્સ હૈદરાબાદને સાત વિકેટે હરાવ્યું. 153 રનના લક્ષ્યનો પીછો કરતા ગુજરાત ટાઇટન્સે 16 ઓવર 4 બોલમાં ત્રણ વિકેટ ગુમાવીને 153 રન બનાવ્યા હતા. ગુજરાત ટાઇટન્સ તરફથી સુકાની શુભમન ગિલે અણનમ 61 રન બનાવ્યા હતા.

સનરાઇઝર્સ હૈદરાબાદ તરફથી મોહમ્મદ શમીએ બે વિકેટ ઝડપી હતી. અગાઉ ગુજરાત ટાઇટન્સે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો હતો. સનરાઇઝર્સે નિર્ધારિત 20 ઓવરમાં 8 વિકેટ ગુમાવીને 152 રન બનાવ્યા હતા. ગુજરાત ટાઇટન્સ તરફથી મોહમ્મદ સિરાઝે ચાર અને સાઇ કિશોર તથા પ્રસિધ

ક્રિષ્નાએ બે-બે વિકેટ ઝડપી હતી. મોહમ્મદ સિરાઝને 'મેન ઓફ ધ મેચ ' જાહેર કરવામાં આવ્યા.

આજે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈ ઈન્ડિયન્સ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે ટકરાશે. મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

---

# RANPUR GANDHI SMRUTI

ધોલેરા સત્યાગ્રહ–સિંધુડોની 95મી જયંતી અવસરે બોટાદના રાણપુર સ્થિત શ્રી અમૃતલાલ દલપતભાઈ શેઠ હોસ્પિટલ ખાતે અનોખું ગાંધી સ્મૃતિ સ્મારકનું લોકાર્પણ કરવામાં આવ્યું. આજથી 100 વર્ષ પૂર્વે રાણપુરમાં મહાત્મા ગાંધીની મુલાકાત દરમિયાન રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની મહાત્મા ગાંધી સાથેની સૌપ્રથમ મુલાકાત અહીં થઈ હતી.

આ ઐતિહસિક ઘટનાની શતાબ્દી નિમિત્તે ગાંધી સ્મૃતિ સ્મારકમાં ઐતિહાસિક લીમડાની જતનપૂર્વક જાળવણી ઉપરાંત મહાત્મા ગાંધી , સૌરાષ્ટ્રના સિંહ અમૃતલાલ શેઠ અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની અર્ધ-પ્રતિમાઓ, કલાત્મક તકતી, ચિત્ર પ્રદર્શન તથા કલમ અને કિતાબ સાહિત્ય-કોર્નરની સ્થાપના કરવામાં આવી છે. ઝવેરચંદ મેઘાણી અને અમૃતલાલ શેઠના પરિવારજનોની ઉપસ્થિતિમાં ગાંધી સ્મૃતિ સ્મારકના લોકાર્પણ બાદ પદયાત્રા અને સ્મરણાંજલિ સભા યોજાઇ હતી.

---